જા.ન. આઈકયુ/ખાતર/પ્રેસનોધ/ફા-૨૩/૧૯૩૪૨-૪૬/૨૦૧૫

ખેતી નિયામકની કચેરી,

કૃષિ ભવન,સેકટર-10.એ,

ગાંધીનગર

તા.૮/૦૬/૨૦૧૫

પ્રતિ,,

(૧) વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ,આણંદ કૃષિ યુનિવર્સીટી ,આણંદ

(૨) વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ,જુનાગઢ કૃષિ યુનિવર્સીટી ,જુનાગઢ

(૩) વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ,નવસારી કૃષિ યુનિવર્સીટી ,નવસારી

(૪) વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ,સરદાર કૃષિ નગર દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી ,દાંતીવાડા

વિષયઃ રાસાયણિક ખાતરના કાર્યક્ષમ અને સપ્રમાણ ઉપયોગ હેતુ ખેડૂત જોગ સંદેશ નો પ્રચાર પ્રસાર કરવા બાબત.

મહોદયશ્રી ,

સવિનય ઉપર્યુક્ત વિષય અન્વયે જણવવાનું કે માન.અગ્ર સચિવશ્રી(કૃષી)ના અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મળેલ રાસાયણિક ખાતરની સમીક્ષા માટેની રીવ્યુ બેઠકમાં જણાવ્યા મુજબ રાજ્યમાં ખેડૂતો ચાલુ ખરીફ ઋતુ દરમ્યાન રાસાયણિક ખાતરોનો સપ્રમાણ અને કાર્યક્ષમ ઉપયોગ કરે તેમજ તેમની જમીનના માટીના નમૂનાઓનું પૃથ્થકરણ કરાવી તેના આધારે સોઇલ કાર્ડ મુજબ સૂચવેલ ભલામણો મુજબ રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરે તેનો વિવિધ માધ્યમો થકી પૂરતો પ્રચાર કરવાનો થાય છે.

વધુંમાં જણાવવાનૂં કે રાજ્યની કૃષિ યુનિવર્સીટીઓ દ્વારા પણ વિસ્તરણ કાર્ય હાથ ધરવામાં આવતું હોઇ આપની કક્ષાએથી પણ આવો પ્રચાર પ્રસાર ખેડૂતોના હિતમાં અખબારી પ્રેસ નોધ.,રેડીયો-ટીવી, પ્રોગ્રામો ,હેન્ડબીલ્સ /પેમ્ફલેટસ, કૃષિ ગોષ્ટી/ કૃષિ શિબીરો /કૃષિ પરીસંવાદ જેવા માધ્યમો થકી બહોળા પ્રમાણમાં કરવા વિનંતી છે અને પ્રેસ આઉટ થયેલ સમાચાર પ્રેસ કટીંગ કે જાહેરાત વગેરેની એક નકલ અત્રે મોકલી આપવા વિનંતી છે.

મુસદો ખેતી નિયામકશ્રીએ મંજૂર કરેલ છે.

ખેતી નિયામક

ગુજરાત રાજય,ગાંધીનગરવતી

**નકલ વિનંતી સહ રવાના :**

માન.અગ્ર સચિવશ્રી (કૃષિ), કૃષિ અને સહકાર વિભાગ ,સચિવાલય ,ગાંધીનગર તરફ જાણ સારૂં

ડી-૨ Scan & Circulate on Website 15/6/2015

વિ. શિ. નિ. શ્રી નવસારીની કચેરી
ઈનવર્ડ નં. ૯૬૪૩
તારીખ 15 JUN 2015